પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

-:: **જાહેરનામુ** ::-

**-:: ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩(૧૯૭૪ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ ::-**

**ક્રમાક: એસ.બી./બકરી ઇદ/૧૩૪/૨૦૨૧**

આગામી તા.૨૧/૦૭/૨૦૨૧ ના રોજ મુસ્લિમ ધર્મનો "બકરી ઇદ" (ઇદ-દલ-અઝા)નો તહેવાર આવે છે. આ તહેવારની ઉજવણી પ્રસંગે અમુક પ્રકારના જાનવરોની કુરબાની આપવામાં આવે છે. આ કુરબાની જાહેર કે ખાનગી સ્થળે, મહોલ્લા કે ગલીમાં દેખાય તે રીતે કોઇ પણ પશુની કતલ કરવાથી અન્ય ધર્મ/સમુદાયના લોકોની લાગણી દુભાવાના કારણે સુલેહ શાંતિનો ભંગ થવા સંભવ રહે છે.હાલમાં સમગ્ર દેશમાં કોરોના વાયરસની મહામારી ચાલી રહેલ હોય જે અંગે સરકારશ્રી દ્વારા વખતો વખત ગાઇડ લાઇન બહાર પાડી કોરોના વાયરસને નિયંત્રિત કરવા માટેના તમામ તકેદારીના પગલા લેવામાં આવી રહેલ છે. બકરી ઇદ તહેવાર નિમિત્તે સુરત શહેર વિસ્તારમાં આવેલ મસ્જીદો, ઇદગાહોમાં મોટા પ્રમાણમાં લોકો નમાજ માટે એકત્રિત થવાની શકયતા રહેલ હોય ત્યાના આગેવાનો, ટ્રસ્ટીઓ,સંચાલકો, મોલવીઓને કોવીડ-૧૯ અન્વયે સરકારશ્રીની ગાઇડ લાઇનનું પાલન કરવાનુ રહેશે. જેથી કોવીડ-૧૯ અન્વયે સરકારશ્રીની ગાઇડ લાઇનનું પાલન તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ મુજબના પગલાં લેવા જરૂરી જણાય છે.

:: હુ ક મ ::

વાસ્તે, હું અજયકુમાર તોમર (આઇ.પી.એસ.) (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર ફોજદારી કાર્યરીતી આધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હુકમ કરુ છું કે સુરત શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં **તા.૨૦/૦૭/૨૦૨૧ ના કલાક.00/00 થી તા.૨૫/૦૭/૨૦૨૧ ના કલાક.૨૪/00 વાગ્યા** સુધી નીચે મુજબ પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૧) કોઇપણ વ્યકિતિએ કોઇપણ પશુની જાહેર કે ખાનગી જગ્યામાં,શેરીઓમાં કે મહોલ્લામાં વિગેરે જગ્યાએ જાહેર જનતાને દેખાય તે રીતે કતલ કરવી નહી તેમજ કોઇપણ પ્રાણીને શણગારીને એકલા અગર સરઘસ આકારે જાહેરમાં લઇ જવા કે ફેરવવા નહી

(૨) બકરી દઇ તહેવાર નિમિત્તે કુરબાની પછી જાનવરના માંસ,હાડકા અને અવશેષો જાહેરમાં ફેકવા નહી.

(૩) કોવીડ-૧૯ ની મહામારી ચાલતી હોય તમામ જેથી વ્યકિતઓએ ફરજિયાત માસ્ક પહેરવાનું રહેશે. તથા સોશિયલ ડીસ્ટન્સ જાળવવાનું રહેશે.

(૪) જાહેર જગ્યાના કોઇપણ વ્યકિતએ થુંકવું નહિ.

(૫) ભારત સરકાર તથા ગુજરાત સરકારના કોવિડ-૧૯ ને અટકાવવા માટેના વખતો વખતના હુકમોથી આપવામાં આવેલ આદેશો તથા માર્ગદર્શક સુચનાઓનો તમામે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

## :: જાહેર વિજ્ઞપ્તિ ::

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, આથી એક તરફી હુકમ કરું છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી ધ્વારા તથા પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૧૯/૦૭/૨૦૨૦ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર એસ.બી. સુરત શહેર

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

**પ્રતિ,**

(૧) સંયુકત પોલીસ કમિશ્નરશ્રી,સેક્ટર-૧,૨ સુરત શહેર.
(૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી,ટ્રાફિક અને ક્રાઇમ,સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીતમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે.ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) તમામ શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.
(૭) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર(તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

**સવિનય નકલ રવાના** :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ જજ કોર્ટ, સુરત.
(૧૮) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )
(૧૯) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )
(૨૦) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત **(સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)**